بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.16-12-2016 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

અત્રે આપણે ઈસ્લામી મહીનો રબીઉલ અવ્વલથી પસાર થઇ રહ્યા છીએ. ઈસ્લામી દુનિયામાં વિશેષ રૂપમાં પાકિસ્તાન અને ભારતમાં આ મહીનાનું મહત્વ એટલા માટે છે કે ૧૨ તારીખે આંહઝરત સ.અ.વ.નો જન્મ થયો હતો. હઝરત સાહેબઝાદા મિરઝા બશીર અહેમદ સાહેબ રઝી. એ સીરત ખાતમુન્નબીય્યીનમાં આ લખ્યું છે કે એક મિસરી સ્કોલરની ખોજ પ્રમાણે ૯ રબીઉલ અવ્વલ બને છે. આમ, રબીઉલ અવ્વલનો મહીનો તે મહીનો છે જેમાં આપણા રસૂલ હઝરત મુહમ્મદ સ.અ.વ.નો જન્મ થયો પરંતુ અફસોસ છે મુસલમાનોની હાલત પર કે આ દિવસ મુહસિને ઇન્સાનિયત અને રહેમતુલ લિલ આલમીનના જન્મની ખુશીમાં મનાવે છે પણ આપસમાં મુસલમાન قلوبهم شتّٰى કે તેમના દિલ ફાટેલ છે નો યર્થાથ બન્યા છે. અલ્લાહ તઆલા તો મુસલમાનોના આપસી સબંધોમાં આ વિશેષતા બયાન ફરમાવે છે કે رحماء بينهم કે આપસમાં ખુબ વધારે રહેમ કરનાર છો પરંતુ આ રહેમ તો દુરની વાત છે અધિકતર લોકો એક બીજાના ખૂનના પ્યાસા છે. પ્રતિ દિવસ સમાચારો આવે છે કે અનેક મુસલમાન મુસલમાનોના હાથે કતલ થઇ રહ્યા છે અને આ વસ્તું એવી છે જે અલ્લાહ તઆલા અને તેના રસૂલને સખ્ત નાપસંદ છે. મુસલમાન મુસલમાનનો કતલ કરી રહ્યો છે અને અલ્લાહ તથા તેના રસૂલના નામે કતલ કરી રહ્યો છે. તે ખુદા જે રબ્બુલ આલમીન છે અને રહેમાન છે રહીમ છે તે રસૂલ જે રહેમતુલ લિલ આલમીન છે તેમના નામે જુલ્મ તથા અત્યાચારની મિશાલો કાયમ કરીને કમજોરો, સ્ત્રીઓ, બાળકો, માસૂમોને ઘરોથી બેઘર કરવામાં આવે છે. કતલ કરવામાં આવે છે. અલ્લાહ તઆલા અને તેના રસૂલના નામે આ બધું અત્યંત બેશરમીથી કરવામાં આવે છે. અલ્લાહ તઆલા તો ફરમાવે છે કે એક મુસલમાનનો જાણી જોઇને કતલ તમને જહન્નમમાં લઇ જશે કોઇ પણ માસૂમના કતલથી તમે જહન્નમની આગથી બચી ન શકશો પરંતુ આ ધાર્મિક ઠેકેદાર અને લાભ પૂજક લીડર સાધારણ મુસલમાનોને જન્નતનો લાલચ આપીને આ પ્રકારના કાર્યોમાં નાખતા જાય છે. ઈસ્લામને એ રીતે તે લોકોએ બદનામ કરી દીધો છે કે આજે બિન મુસ્લિમ દુનિયામાં ઈસ્લામના નામથી પ્રથમ છબી જે બિન મુસ્લિમના મગજમાં આવે છે તે અત્યાચાર અને જુલ્મ છે. હાં એક વાત છે જેના પર આ મુસ્લિમ લીડરો એકત્ર થઇને અથવા ઉલ્મા ભેગા થઇને એક બીજાથી સહયોગની વાતો અને દીક્ષા આપે છે અને તે વાત આ છે જેના વિરૂધ્ધ અલ્લાહ તઆલા અને તેના રસૂલએ હુકમ આપ્યો છે. અલ્લાહ તઆલાના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું હતું કે જ્યારે મુસલમાનોની આવી હાલત થઇ જશે જ્યારે મુસલમાનોના દિલ આપસમાં ફાટી જશે, મુસલમાન એક બીજાના ગળા કાપશે. મુસલમાન ઉલ્મા પાસે આ સમજીને જશે કે તેમની પાસે હિદાયત છે, હિદાયત માટે લોકો જશે તે ઉલ્માની પણ તેવી જ હાલત હશે તે પણ તેવા જ કામોમાં વ્યસ્ત હશે જે ખુદા તઆલાથી દુર લઇ જનાર હશે બલ્કે તેમની સાધારણ લોકોથી પણ ખરાબ હાલત હશે. આંહઝરત સ.અ.વ. એ ફરમાવ્યું હતું કે ઉલ્મા આસ્માન નિચે વસનારમાંથી સૌથી ખરાબ વ્યકિતઓ હશે. એટલા માટે ફરમાવ્યું કે તેઓ ફિત્નો કરનાર હશે તેમનામાંથી જ ફિત્નાઓ ઉઠશે અને તેવુ જ આપણે આજે ઉલ્મામાં જોઇ રહ્યા છીએ કે આગ ઓલવવાના બદલે આગ લગાડે છે. માટે આંહઝરત સ.અ.વ.એ આ હાલતનો નકશો ખેંચતા જણાવ્યું કે આ હાલતમાં ઈસ્લામનું દુઃખ સમજનાર માયુસ ન થાય એવા સમયમાં હઝરત મસીહ મૌઉદ અને મહદી મઅહુદ આવશે જે આપણા નબી સ.અ.વ.ના સંપૂર્ણ ગુલામની હૈસિયતથી મુસલમાનોને પણ, બિન મુસ્લિમોને પણ ઈસ્લામની વાસ્તવિક તાલીમથી અવગત કરાવશે અને ઈસ્લામની સુંદર તાલીમથી દુનિયાને પ્રકાશિત કરશે અને ફરીથી ઉમ્મતે વાહીદા બનાવશે પરંતુ જેવું કે મેં કહ્યું આ વાતથી જ આ ઉલ્મા ઇન્કાર કરે છે અને

લોકોને પણ, સાધારણ મુસલમાનોને પણ ખોટી વાતો જણાવીને ફસાદ પૈદા કરવાનો પ્રયાસ કરે છે લોકોની ભાવના સાથે રમે છે અને તેમને તે વાતો જણાવે છે જેનાથી ફસાદ પૈદા થાય જેનો કોઇ અસ્તિત્વ જ નથી.

પ્રત્યેક મુસલમાનનો આ વિશ્વાસ છે આંહઝરત સ.અ.વ. ખાતમુન્નબીય્યીન છે અને આપ પર શરિઅત સંપૂર્ણ થઇ ગઇ છે અને પૂર્ણ ઈમાન વગર કોઇ મુસલમાન મુસલમાન કહી જ ન શકાય પરંતુ આ ઉપદ્રવી મોલ્વી સાધારણ લોકોની ભાવનાને આ વાતથી ઠેસ પહોંચાડે છે કે અહેમદી ખત્મે નબુવ્વત પર ઈમાન નથી રાખતાં. તેના પર સિવાય અનાઅલ્લાહ પઢીને લાઅનતુલ્લાહે અલલ કાઝેબીન કહી શકીએ તેના સિવાય બીજુ કંઈ ન કહેવાય જે અહેમદી થઇને પછી આ વાત પર ઈમાન નથી રાખતો કે આંહઝરત સ.અ.વ. ખાતમુન્નબીય્યીન છે તે ફાસીક ફાજીર અને દાએરા ઈસ્લામથી ખારિજ છે અને જમાઅત અહેમદિયાનો એવા વ્યકિત સાથે કોઇ સંબંધ નથી. હાં આ વાત જરૂર છે કે અહેમદી ખત્મે નબુવ્વતની તે વ્યાખ્યા કરે છે જે સ્વયં આંહઝરત સ.અ.વ.એ ફરમાવી હતી અને જેને કુરાન શરીફમાં અલ્લાહ તઆલાએ બયાન ફરમાવ્યું. હવે કોઇ નબી નથી આવી શકતો જે આંહઝરત સ.અ.વ.ની ગુલામી અને આપની લાવેલ શરિઅતથી બહાર હોય. એક અવસરે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે અબુબકર આ ઉમ્મતમાં સૌથી શ્રેષ્ઠ છે સિવાય તેના કે કોઇ નબી અવતાર લે. આમ આપે નબુવ્વતનો માર્ગ બંધ નથી ફરમાર્વ્યો પરંતુ આપ સ.અ.વ.ના દાયરાથી બહાર નિકળીને કોઇ નબી નથી આવી શકતો કોઇ નવી શરિઅત નથી આવી શકતી અને અમે જો હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અ.સ.ને મસીહ તથા મહદી હોવાની હૈસિયતથી નબી પણ માનીએ છીએ આપની પૂર્ણ ગુલામીમાં રાખતા માનીએ છીએ અને આ જ પહેલાના ઉલ્માનો મસલક હતો. અમે જો મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અ.સ.ને મસીહ મૌઉદ માનતા નબીનો દરજ્જો આપીએ છીએ તો આંહઝરત સ.અ.વ.ની ગુલામીના માધ્યમે.

૧૨ રબીઉલ અવ્વલના સંદર્ભમાં રિસાલતની મર્યાદા અને ખત્મે નબુવ્વતના નામે પાકિસ્તાનમાં થોડા દિવસ પહેલાં દોલમીયાલમાં બદમાશો અને મોલ્વીઓએ ભેગા થઇને જુલૂસ કાઢયો અને મસ્જીદ પર હુમલો કર્યો. મસ્જીદની અંદર અહેમદી હતા અહેમદીઓએ આવવા ન દીધા અંદર દરવાજાઓ બંધ હતા પરંતુ પોલીસના કહેવાથી જ્યારે અહેમદીઓએ દરવાજા ખોલ્યા અને પોલીસની આ જમાનત પર દરવાજા ખોલ્યા કે તેઓ મસ્જીદની સુરક્ષા કરશે તે સમયે આ તોફાનીઓ મસ્જીદમાં દાખલ થઇ ગયા અને પોલીસ એક બાજુ થઇ ગઇ અને પછી તેમણે મસ્જીદનો સામાન બહાર કાઢીને બાળ્યો અને આમ તેમણે પોતાના ગુમાનમાં ઈસ્લામની મોટી સેવા કરી. જો કે આપણે કાયદા સાથે નથી લડવું ન આપણે લડીએ છીએ જ્યાં સુધી પદાર્થ સંબંધી વસ્તુનો સવાલ છે તો તેની અમોને કોઇ પરવાહ નથી ઠીક છે નુકસાન કર્યો છે કરી દે. હાં પોતાના વિશ્વાસ અને આંહઝરત સ.અ.વ. પર પૂર્ણ ઈમાન લાવવાનો અને તૌહીદને પોતાના દિલોમાં નાખવાનો જ્યાં સુધી સવાલ છે અમે અમારો જીવ કુરબાન કરી શકીએ છીએ પરંતુ આનાથી હટવાના નથી, પરંતુ હંમેશા આ કહેતા આવ્યા છીએ તથા તેના માટે કુરબાનીઓ પણ આપતા રહ્યા છીએ કે લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર રસૂલુલ્લાહ ના એલાનથી અમે પાછા ન હટીશું. આ લોકો તો ઔપચારિક મીલાદ મનાવે છે, પ્રથા અનુસાર ભેગા થાય છે. ભાષણ કર્યા તથા અધિકતર ભાષણ જે છે પાકિસ્તાનમાં, અહેમદિયોને  ગાળો આપવા સિવાય બીજુ કંઈ નથી. અસ્થાઈ રૂપમાં એક જોશ કાઢે છે અપશબ્દ બોલીને અને તે સમજે છે કે તેના દ્વારા તેમણે ઈસ્લામની મોટી સેવા કરી લીધી છે. પરંતુ વાસ્તવિક સેવાનું બીડું તો અહેમદિયા જમાઅતએ તે સમયે ઊઠાવ્યો હતો હઝરત મસીહ મૌઉદ અ.સ.એ દાવો કર્યા અને આપે આ જ ફરમાવ્યું કે તૌહીદ તથા આંહઝરત સ.અ.વ.ની પ્રતિષ્ઠાને હું સ્થાપિત કરવા માટે આવ્યો છું ઈસ્લામનો પુર્નજાગરણ મારાથી જ થશે અને બીજી ખિલાફત સમયે જ્યારે એક અવસરે આંહઝરત સ.અ.વ. વિરૂધ્ધ બિન મુસ્લિમએ સમાચાર પત્રોમાં ખુબ અનર્થ કર્યુ, અત્યંત ગંદી ભાષાનો પ્રયોગ કરીને લખવાનું શરૂ કયું, તે સમયે ખલીફતુલ મસીહ સાનીએ મોટા સ્તર પર ભારતમાં સિરત કોન્ફરેન્સ આયોજીત કરી તથા અહેમદી અને ગૈર અહેમદી મુસ્લિમોને કહ્યું કે હવે આ સમય આવી ગયો છે કે ભેદભાવ છોડીને, એકત્ર થઇને, ભેગા મળીને આંહઝરત સ.અ.વ.નો તથા ઈસ્લામનો બચાવ કરો તથા વ્યાપક રૂપથી તેને આપે શરૂ કર્યો આ કોન્ફરેન્સને, બલ્કે આપે

ગૈર મુસ્લિમોને પણ આમંત્રણ આપ્યું. મુસલમાનોનો તો ઈમાનનો અંશ છે કે આંહઝરત સ.અ.વ. પર સંપૂર્ણ ઈમાન લાવે તથા આપની મર્યાદાની સુરક્ષા કરે. હઝરત મુસ્લેહ મૌઉદ એ ફરમાવ્યું કે આંહઝરત સ.અ.વ.ના ઉપકાર તો આખા વિશ્વ પર છે, આપ તે રહેતુલિલ આલમીન છે માટે બિન મુસ્લિમ પણ જે સજ્જન પુરૂષ છે, તે પણ આપના પવિત્ર જીવન બયાન કરે. જેથી અનેક બિન મુસ્લિમ, શિક્ષિત લોકો જેમાં હિન્દુ પણ સામેલ હતા આંહઝરત સ.અ.વ.ના પવિત્ર જીવન પર લેખ વાંચ્યા. કાદિયાનમાં જ્યારે પહેલો જલસો થયો ૧૯૨૮માં તો હિન્દુ કવિઓની બે કવિતા પણ વાંચવામાં આવી તેમાં. આખા ભારતમાં હઝરત ખલીફતુલ મસીહ સાનીરઝીના આહ્વાન પર સીરત કોન્ફરેન્સ આયોજીત થઇ તથા આસ્થા અને દ્રષ્ટિકોણના મતભેદ હોવા છતાં અનેક એવા હતા  જેમણે આ યોજનાને તથા આ પ્રયાસને સફળ બનાવ્યો. સમાચાર પત્રોએ આના પર પોતાની ટિપ્પણીઓ પણ કરી અને સમાચાર પણ પ્રસ્તુત થયા.

અલ ફઝલ અખબારે વિશેષ રૂપથી તે સમયે ખાતમુન્નબીય્યીન પર વિશેષાંક પ્રકાશિત કર્યા તથા તે પછી જમાઅત અહેમદિયા તો યથાવત સીરતુન્નબીના જલસા આયોજીત કરે છે. આપએ ચાર પાંચ જે નિકાત આપ્યા હતા તેમાં એક આ પણ હતો કે ૧૨ રબીઉલ અવ્વલ સમેત આખું વર્ષ વિભિન્ન અવસરે સીરતના જલસા હોવા જોઇએ. આ રીતે અહેમદિયા જમાઅતનો ઇતિહાસ છે તથા જલસાનો આયોજન હોય છે અને હવે તો અલ્લાહ તઆલાના ફઝલથિ વિશ્વના બસૌથી અધિક દેશોમાં, જ્યાં અહેમદિયા જમાઅત સ્થાપ્તિ છે આ જલસાનો અયોજન થાય છે અને ઇન્શા અલ્લાહ અહેમદી જ છે અને હંમેશા રહેશે જે ખત્મે નબુવ્વતનો વ્યાપક આભાસ રાખે છે તથા આંહઝરત સ.અ.વ.ના ઉચિત સ્તરથી દુનિયાને અવગત કરાવી રહ્યા છે. આ એટલા માટે કે અમોને આ યુગના ઇમામ મસીહ મૌઉદ તથા મહદી મઅહૂદ અ.સ.એ જણાવ્યું કે જો ખુદા તઆલા સુધી પહોચવું હોય તો આંહઝરત સ.અ.વ.ના દામનને પકડો કે આપ જ હવે મુકિતનો સ્ત્રોત છો, અન્ય કોઇ માધ્યમ નથી. આપએ કદાપી પોતાને મોટો નથી બતાવ્યો. હંમેશા આંહઝરત સ.અ.વ.ની જ મહત્તા બયાન ફરમાવી. આ આરોપને રદ કરતાં કે અમે આંહઝરત સ.અ.વ.ને ખાતમુન્નબીય્યીન નથી માનતા, આપ અ.સ. ફરમાવે છે કે

આ પણ યાદ રાખવું જોઇએ કે મારા પર તથા મારી જમાઅત પર જે આ આરોપ લગાવવામાં આવે છે કે અમે આંહઝરત સ.અ.વ.ને ખાતમુન્નબીય્યીન નથી માનતા તે અમારા પર મહા જુઠો આરોપ છે. અમે જે વિશ્વાસની શકિત તથા વિવેક સાથે આંહઝરત સ.અ.વ.ને ખાતમુલ અંબિયા માનીએ છીએ તથા વિશ્વાસ કરીએ છીએ તેનો લાખમો ભાગ પણ બીજા લોકો નથી માનતા તથા તે તેના પાત્ર જ નથી. તે આ વાસ્તવિકતા તથા ભેદબે જે ખાતમુલ અંબિયાની ખત્મે નબુવ્વતમાં છે, સમજતા જ નથી. તેમણે કેવળ બાપ દાદાથી એક શબ્દ સાંભળ્યો છે પરંતુ તેના યર્થાથથી અનભિજ્ઞ છે તથા નથી જાણતા કે ખત્મે નબુવ્વત શું છે તથા તેના પર ઈમાન લાવવાનો અભિપ્રાય શું છે. પરંતુ અમે સંપૂર્ણ વિવેકથી, જેને અલ્લાહ તઆલા જ જાણે છે આંહઝરત સ.અ.વ.ને ખાતમુલ અંબિયા સમજીએ છીએ તથા ખુદા તઆલાએ અમારા પર ખત્મે નબુવ્વતને એ પ્રકારે ખોલી દીધો કે આ દિવ્ય પેયથી જે અમોને પીવડાવ્યો છે, એક વિશેષ આનંદ મેળવીએ છીએ જેનો અનુમાન કોઇ નથી લગાવી શકતો, વિાય તે લોકો જે આ સ્ત્રોતથી લાભાન્વિત થયા હોય.

જે અમોને ખત્મે નબુવ્વતના ઈન્કારી સમજે છે, તે સ્વયં આંધળા છે તથા તેમના દિલ ખોખલા છે. સિવાય નારાઓ તથા ઉપદ્રવ, તોડફોડ તેમના પાસે છે જ શું. શું ઈસ્લામનો પૈગામ અત્રે અહેમદિયા જમાઅત દુનિયામાં ફેલાવી રહી છે, તે આ વાતનો પર્યાપ્ત પ્રમાણ નથી કે હઝરત ખાતમુલ અંબિયા મુહમ્મદ રસૂલુલ્લાહ સ.અ.વ.ની પોતાની ઉમ્મત માટે માંગેલ દુઆઓથી મસીહ મૌઉદની જમાઅત જ લાભાન્વિત થઇ રહી છે.

પછી ખત્મે નબુવ્વતની વાસ્તવિકતા બયાન ફરમાવતાં હઝરત મસીહ મૌઉદ અ.સ. બયાન ફરમાવે છે કે

અમોને અલ્લાહ તઆલાએ તે નબી સ.અ.વ. આપ્યા જે ખાતમુલ મોમિનીન, ખતમુલ આરફીન તથા ખાતમુન્નબીય્યીન છે અને તેવી જ રીતે તે પુસ્તક તેના પર ઉતારી જે જામિઅુલ કુતબ અને ખાતમુલ કુતબ છે. રસૂલ

સ.અ.વ. જે ખાતમુન્નબીય્યીન છે તથા આપ સ.અ.વ. પર નબુવ્વત પુરી થઇ ગઇ તો આ નબુવ્વત આ રીતે પુરી નથી થઇ જેવું કે કોઇ ગળું દબાવીને સમાપ્ત કરે. એવો ખત્મ ગર્વને યોગ્ય નથી થતો બલ્કે રસૂલુલ્લાહ સ.અ.વ. પર નબુવ્વત ખત્મ થવાનો અભિપ્રાય એ છે કે પ્રકૃતિક રૂપથી આપ સ.અ.વ. પર નબુવ્વતના સંપૂર્ણ વિશેષણ પુરા થઇ ગયા અર્થાત તે તમામ અને વિભિન્ન વિશેષણ જે આદમથી લઇને મસીહ ઇબ્ને મરયમ સુધી નબીઓને આપ્યા હતા, તે બધા આંહઝરત સ.અ.વ.માં જમા કરી દીધા તથા આના પર પ્રકૃતિક રૂપથી આપ ખાતમુન્નબીય્યીન ઠહેર્યા અને તેવી જ રીતે તે શિક્ષાઓ, ઉપદેશો, વિવેક જે વિભિન્ન પુસ્તકોમાં હતી તે કુરાન શરીફમાં આવીને સંપૂર્ણ થઇ ગઇ અને કુરાન ખાતમુલ કુતબ ઠહેરી.

માટે દુશ્મન અમોને જે ચાહે કહેતો રહે, અમારા પર જે આરોપ લગાવે છે, અમારા દિલોમાં આંહઝરત સ.અ.વ.થી સ્નેહ છે તથા અમોને સૌથી અધિક આપના ખાતમુન્નબીય્યીન હોવાનો આભાસ છે અને આ બધું અમોને હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આપ્યું છે.

અલ્લાહ તઆલા કરે કે અમે શત્રુના પ્રત્યેક આક્રમણ તથા પ્રત્યેક અત્યાચાર હોવા છતાં પહેલાથી અધિક પોતાના ઈમાનમાં વધતા જઇએ અને આંહઝરત સ.અ.વ. પર પહેલાથી અધિક દરૂદ મોકલનાર બનીએ જેથી મુસલમાનોને પણ આપના આ ઉચ્ચતમ સ્તરનો ઉપયુકત આભાસ થાય તથા આ ભટકેલ મુસલમાન પણ ઉપયુકત માર્ગ પર આવી જાય અને વિશ્વમાં પણ ઈસ્લામની સુંદર શિક્ષા ફેંલાય.

*******

Khulasa Khutba Jumma Huzoor Anwar 16 December 2016

BOOK POST (Printed Matter)

To..........................................................................................................

..............................................................................................................

..............................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.